**Signature and Name of Invigilator**

1. (Signature) ______________________

   (Name) ______________________

2. (Signature) ______________________

   (Name) ______________________

**Answer Sheet No. :** ..............................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ______________________

(In words)

**Test Booklet No.**

**D – 3706**

**PAPER – II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Serial No. of the booklet should be entered in the Answer-sheets and the Serial No. of Answer Sheet should be entered on this Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ● (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या उत्तर-पत्रक पर अंकित करें और उत्तर-पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ● (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. ઉત્તરવહીમાં સાચા ઉત્તર માટે નિશાન કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.

1. 'ધીમે ધીમે છટાથી, કુસુમરજ લઈ, ડોલતો વાયુ વાય' – આ પંક્તિનો છંદ ક્યો છે ?

   (A) અનુષ્ટુપ (B) મનહર

   (C) શાર્દુલવિક્રીડિત (D) સ્ત્રગ્ધરા

2. 'વસંતવિજય' કૃતિનો પ્રકાર જણાવો.

   (A) ઊર્મિકાવ્ય (B) ખંડકાવ્ય

   (C) કથાકાવ્ય (D) પદ્યવાર્તા

3. 'રણયજ્ઞ' નો કર્તા કોણ છે ?

   (A) પ્રેમાનંદ (B) ભાલણ

   (C) નાકર (D) વિષ્ણુદાસ

4. ગુજરાતી નવલિકાનો આરંભ કરનાર લેખક છેઃ-

   (A) દુર્ગારામ માસ્તર (B) ધૂમકેતુ

   (C) મલયાનિલ (D) નર્મદ

5. 'ઈવાડેવ' કોનું ઉપનામ છે?

   (A) પ્રફુલ્લ ન. દવે (B) મધુકાંત વાઘેલા

   (C) મનુ હ. દવે (D) જયદેવ શુક્લ

6. ‘ધ્વન્યાલોક’ ના કર્તા કોણ છે?

(A) ક્ષેમેન્દ્ર (B) કુંતક

(C) અભિનવ ગુપ્ત (D) આનંદવર્ધન

7. કવિ સુંદરમ્‌નિ કૃતિ છે :-

(A) વસંતવર્ષા (B) યાત્રા

(C) યુગવંદના (D) કોડિયાં

8. મધ્યકાલીન કવિ કોણ નથી:-

(A) 'સરોદ' (B) રાજશેખર સૂરિ

(C) વિશ્વનાથ જાની (D) પ્રીતમ

9. ‘કવિતાના ત્રણ સૂર’ ની વાત કોણે કરી છે ?

(A) ઝાક્ દેરિદા (B) એઝરા પાઉન્ડ

(C) ટી.એસ. એલિયટ (D) સુસાન સોન્ટાગ

10. કોણે નાટક નથી લખ્યું ?

(A) બકુલ ત્રિપાઠી (B) સુમન શાહ

(C) ભૂપેન ખખ્ખર (D) ચિનુ મોદી

11. ‘વક્રોક્તિ’ નો સિધ્ધાંત આપનાર છે

(A) ભામહ (B) રુય્યક

(C) રાજશેખર (D) કુન્તક

12. 'આગગાડી' ક્યો સમાસ છે ?

(A) ઉપપદ્ (B) તત્પુરુષ

(C) મધ્યમપદ લોપી (D) કર્મધારય

13. કઈ રચના સોનેટ છેઃ-

(A) વધામણી (B) ભોમિયાવિના

(C) હંકારી જા (D) દેવયાની

14. કયા બે સર્જકો કવિ અને વાર્તાકાર છેઃ-

(1) રા. વિ. પાઠક

(2) હિમાંશી શેલત

(3) નીતિન મહેતા

(4) મણિલાલ હ. પટેલ

(A) 2 અને 4 (B) 1 અને 4

(C) 3 અને 4 (D) 1 અને 3

15. બે કવિઓ 'નળાખ્યાન' ના કર્તા છેઃ-

(1) ભોજો

(2) ભાલણ

(3) પ્રેમાનંદ

(4) ધીરો

(A) 1 અને 2 (B) 3 અને 4

(C) 1 અને 3 (D) 2 અને 3

16. આ બે સર્જકો અનુગાંધીયુગના છેઃ-

(1) જયન્ત પાઠક

(2) સ્નેહરશ્મિ

(3) પ્રિયકાન્ત મણિયાર

(4) યજ્ઞેશ દવે

(A) 2 અને 3 (B) 1 અને 4

(C) 1 અને 3 (D) 3 અને 4

17. આ બે કૃતિઓ લઘુનવલ છેઃ-

(1) અસૂર્યલોક

(2) ફેરો

(3) કામિની

(4) વિદુલા

(A) 2 અને 4 (B) 1 અને 2

(C) 2 અને 3 (D) 3 અને 4

18. આ બે કૃતિઓ આધુનિક છેઃ-

(1) ટોળાં અવાજ ઘોંઘાટ

(2) કોઇપણ એક ફૂલનું નામ બોલો તો...

(3) ધીમુ અને વિભા

(4) સ્વપ્નપ્રયાણ

(A) 2 અને 3 (B) 1 અને 4

(C) 2 અને 4 (D) 1 અને 2

19. આ બે ગ્રંથના લેખક એક છેઃ-

(1) આસંગ

(2) કથાયન

(3) ઉપક્રમ

(4) વ્યાસંગ

(A) 1 અને 2 (B) 3 અને 4

(C) 1 અને 3 (D) 2 અને 4

20. આ બે લેખકો રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા છેઃ-

(1) ધીરૂભાઈ ઠાકર

(2) શિરીષ પંચાલ

(3) રાધેશ્યામ શર્મા

(4) સતીશ વ્યાસ

(A) 2 અને 4 (B) 1 અને 2

(C) 1 અને 3 (D) 3 અને 4

21. આ બે લેખકો સંશોધક અને વિવેચક છેઃ-

(1) હરિવલ્લભ ભાયાણી

(2) પ્રબોધ પંડિત

(3) ભગવાનદાસ પટેલ

(4) ઉમાશંકર જોષી

(A) 1 અને 4 (B) 2 અને 3

(C) 3 અને 4 (D) 1 અને 3

22. **માહિતી અ :** કાવ્યનું અંતિમ પ્રયોજન આનંદ છે

**માહિતી બ :** આચાર્ય મમ્મટનું આ વિધાન બહુધા સ્વીકૃત છે.

(A) અ અને બ બંને સાચાં છે

(B) અ ખરું છે બ ખોટું છે

(C) અ અને બ બંને ખોટાં છે

(D) અ સાચું છે બ ખોટું છે

23. **માહિતી અ :** વાર્તાકાર ટૂંકી વાર્તામાં ઘટનાની પુનર્રચના કરે છે.

**માહિતી બ :** ટૂંકી વાર્તા એટલે માત્ર પ્રસંગકથન.

(A) અ અને બ બન્ને સાચાં છે

(B) અ ખોટું છે બ સાચું છે

(C) અ સાચું છે બ ખોટું છે

(D) અ અને બ બન્ને ખોટાં છે

24. **માહિતી અ :** 'જયાં જયાં નજર મારી ઠરે...' ગઝલના કર્તા બાળાશંકર છે.

**માહિતી બ :** 'કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' આ પંક્તિ મણિલાલ નભુભાઈની છે.

(A) અ અને બ બન્ને ખોટાં છે

(B) અ અને બ બન્ને સાચાં છે

(C) અ સાચું છે અને બ ખોટું છે

(D) અ ખોટું છે અને બ સાચું છે

25. બે વાકયોથી બનતું સમ્પૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) 'પિતૃતર્પણ' કાવ્ય દલપતરામે લખ્યું છે. એ અનુષ્ટુપ છંદમાં છે.

(B) 'પિતૃતર્પણ' કાવ્ય ન્હાનાલાલે લખ્યું છે. તેમાં કવિપિતાને અંજલિ આપી છે.

(C) 'પિતૃતર્પણ' એ ખંડકાવ્ય છે. તે વિવિધ છંદોમાં લખાયું છે.

(D) 'પિતૃતર્પણ' કાવ્ય કરુણપ્રશસ્તિ છે. તે સુધારક્યુગમાં લખાયું છે.

26. બે વાકયોથી બનતું સમ્પૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) ગાંધીજી લેખક કહેવાયા કેમકે તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા

(B) ગાંધીજી લેખક કહેવાયા કેમકે એમણે કોસિયા માટે સાહિત્ય લખવાની હીમાયત કરી હતી.

(C) ગાંધીજી લેખક કહેવાયા કેમકે એમણે આત્મકથા (સત્યના પ્રયોગો) લખી છે.

(D) ગાંધીજી લેખક કહેવાયા કેમકે અમણે સાર્થ જોડણીકોશ તૈયાર કરાવ્યો છે.

27. બે વાકયોથી બનતું સમ્પૂર્ણપણે સાચું યુગ્મ કયું ?

(A) ટી. એસ. એલિયટે 'વસ્તુલક્ષ્મી સહસમ્બન્ધક' ની વિભાવના આપી. એ ક્રમા માત્રની પાયાની પ્રયુક્તિ છે.

(B) ટી. એસ. એલિયટે 'વસ્તુલક્ષ્મી સહસમ્બન્ધક' ની વિભાવના આપી કારણ કે હેમ્લેટ એમનું પ્રિય નાટક હતું

(C) ટી. એસ. એલિયટે 'વસ્તુલક્ષ્મી સહસમ્બન્ધક' ની વિભાવના આપી કેમકે તેઓ આધુનિક કવિ હતા.

(D) ટી. એસ. એલિયટે 'વસ્તુલક્ષ્મી સહસમ્બન્ધક' ની વિભાવના આપી કારણ કે એ વડે જ કવિતામાં વાસ્તવનું રુપાન્તરણ શક્ય બને છે.

28. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) અખો - જ્ઞાનમાર્ગી કવિ - રસિકવલ્લભ

(B) અખો - અનુભવબિન્દુ - અદ્વૈતવાદી

(C) અખો - પ્રેમપચીસી - પ્રેમલક્ષણાભક્તિ

(D) અખો - મધ્યકાલીન કવિ - સ્વામીનારાયણ સંપ્રદાય

29. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે ?

(A) સૉનેટ - ભરતી - સુન્દરમ્

(B) સૉનેટ - જાવાપૂર્વે ઉમાશંકર જોશી

(C) સૉનેટ - જૂનુંઘર ખાલી કરતાં - જયન્ત પાઠક

(D) સૉનેટ - વિદાય - પ્રહ્લાદ પારેખ

30. સર્વથા વિસંગતજૂથ કયું ?

(A) લાભશંકર ઠાકર - કવિ - નિબંધકાર

(B) લાભશંકર ઠાકર - નવલકથાકાર - જ્ઞાનપીઠ પુરસ્કાર

(C) લાભશંકર ઠાકર - વિવેચક - નાટયલેખક

(D) લાભશંકર ઠાકર - માણસની વાત - આધુનિક કવિ

31. સર્વથા વિસંગતજૂથ કયું ?

(A) દર્શક - નવલકથાકાર - સરસ્વતી સમ્માન

(B) દર્શક - પરિત્રાણ - ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રમુખ

(C) દર્શક - કવિ - કેળવણીકાર

(D) દર્શક - કુરુક્ષેત્ર - સદ્‌ભિ:સંગ

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરાં જોડકાંનું જૂથ દર્શાવો:-

| **યાદી - 1** | | **યાદી - 2** | |
|---|---|---|---|
| (a) | કાવ્યમંગલા | (1) | સૉનેટમાળા |
| (b) | એક કિલ્લાને તોડી પડાતો જોઇને | (2) | પ્રવાસગ્રંથ |
| (c) | અર્વાચીન કવિતા | (3) | ગાંધીયુગનો કાવ્યસંગ્રહ |
| (d) | દક્ષિણાયન | (4) | કવિતાનો ઈતિહાસ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 4 | 2 | 3 | 1 |
| (C) | 1 | 3 | 2 | 4 |
| (D) | 2 | 4 | 1 | 3 |

33. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરાં જોડકાંનું જૂથ દર્શાવોઃ-

| **યાદી - 1** | | **યાદી - 2** | |
|---|---|---|---|
| (a) | માનવીની ભવાઈ | (1) | લઘુનવલ |
| (b) | 'લાવ્યાપણું રાખજે' | (2) | જાનપદી નવલકથાકાર |
| (c) | સાચાંશમણાં | (3) | જ્ઞાનપીઠ પુરસ્કૃત કૃતિ |
| (d) | પન્નાલાલ પટેલ | (4) | જાળેલાજીવ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 2 | 4 | 1 | 3 |
| (D) | 3 | 4 | 1 | 2 |

34. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરાં જોડકાંનું જૂથ દર્શાવોઃ-

| **યાદી - 1** | | **યાદી - 2** | |
|---|---|---|---|
| (a) | ઇતરા | (1) | મંજુ ઝવેરી |
| (b) | ઝેરવું | (2) | આધુનિક કવિતા |
| (c) | ફાર્બસ ત્રૈમાસિક | (3) | વીનેશ અંતાણી |
| (d) | કાફલો | (4) | મધુ રાય |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 2 | 4 | 1 | 3 |
| (D) | 1 | 2 | 3 | 4 |

35. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરાં જોડકાંનું જૂથ દર્શાવોઃ-

| **યાદી - 1** | **યાદી - 2** |
|---|---|
| (a) ધર્મવિચાર | (1) રામનારાયણ પાઠક |
| (b) અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા | (2) ખડિંગ |
| (c) ગ્રંથઘટન | (3) નર્મદ |
| (d) રમેશ પારેખ | (4) ચન્દ્રકાન્ત ટોપીવાળા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 4 | 2 | 3 | 1 |
| (D) | 3 | 4 | 2 | 1 |

36. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરાં જોડકાંનું જૂથ દર્શાવોઃ-

| **યાદી - 1** | **યાદી - 2** |
|---|---|
| (a) તેઓ | (1) માત્રામેળ |
| (b) ઝૂલણા | (2) સર્વનામ |
| (c) રાતુંપીળું | (3) સંખ્યામેળ |
| (d) મનહર | (4) વિશેષણ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 1 | 3 | 4 | 2 |
| (D) | 2 | 4 | 3 | 1 |

37. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરાં જોડકાંનું જૂથ દર્શાવોઃ-

| | યાદી - 1 | | યાદી - 2 |
|---|---|---|---|
| (a) | ભીલોનું ભારથ | (1) | રાઈનર મારિયા રિલ્કે |
| (b) | પ્લેટો | (2) | હરિવલ્લભ ભાયાણી |
| (c) | શબ્દકથા | (3) | ભગવાનદાસ પટેલ |
| (d) | દૂઈનો ઍલેજી | (4) | રિપબ્લિક |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 3 | 4 |
| (B) | 1 | 2 | 4 | 3 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 3 | 4 | 2 | 1 |

38. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) નરસિંહરાવ, ન્હાનાલાલ, ધૂમકેતુ, જયંત ખત્રી

(B) ન્હાનાલાલ, નરસિંહરાવ, ધૂમકેતુ, જયંત ખત્રી

(C) ધૂમકેતુ, ન્હાનાલાલ, જયંત ખત્રી, નરસિંહરાવ

(D) જયંત ખત્રી, ધૂમકેતુ, નરસિંહરાવ, ન્હાનાલાલ

39. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) શ્રવણીમેળો, તણખામંડળ, બીજી થોડીક, ખરા બપોર

(B) ખરા બપોર, બીજી થોડીક, શ્રવણીમેળો, તણખામંડળ

(C) તણખામંડળ, શ્રવણીમેળો, ખરા બપોર, બીજી થોડીક

(D) બીજી થોડીક, ખરા બપોર, તણખામંડળ, શ્રવણીમેળો

40. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) છેલ્લું દર્શન, વધામણી, આદિમતાની અનુભૂતિ, વળાવી બા આવી

(B) વધામણી, છેલ્લું દર્શન, વળાવી બા આવી, આદિમતાની અનુભૂતિ

(C) આદિમતાની અનુભૂતિ, વધામણી, વળાવી બા આવી, છેલ્લું દર્શન

(D) વળાવી બા આવી, આદિમતાની અનુભૂતિ, છેલ્લું દર્શન, વધામણી

41. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) રાઈનો પર્વત, આગગાડી, જાલકા, ખગ્રાસ

(B) ખગ્રાસ, જાલકા, આગગાડી, રાઈનો પર્વત

(C) જાલકા, રાઈનો પર્વત, ખગ્રાસ, આગગાડી

(D) આગગાડી, ખગ્રાસ, રાઈનો પર્વત, જાલકા

42. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) જનાન્તિકે, તથાપિ, ગૃહપ્રવેશ, કાવ્યચર્ચા

(B) કાવ્યચર્ચા, ગૃહપ્રવેશ, તથાપિ, જનાન્તિકે

(C) ગૃહપ્રવેશ, જનાન્તિકે, કાવ્યચર્ચા, તથાપિ

(D) તથાપિ, કાવ્યચર્ચા, જનાન્તિકે, ગૃહપ્રવેશ

43. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) કવિતા, પ્રસ્થાન, બુદ્ધિપ્રકાશ, પ્રત્યક્ષ

(B) પ્રત્યક્ષ, કવિતા, પ્રસ્થાન, બુદ્ધિપ્રકાશ

(C) પ્રસ્થાન, બુદ્ધિપ્રકાશ, પ્રત્યક્ષ, કવિતા

(D) બુદ્ધિપ્રકાશ, પ્રસ્થાન, કવિતા, પ્રત્યક્ષ

44. કયું વિગતજૂથ યોગ્ય કાલક્રમમાં છે ?

(A) ભામહ, ભરત, અભિનવગુપ્ત, આનંદવર્ધન

(B) ભરત, ભામહ, આનંદવર્ધન, અભિનવગુપ્ત

(C) અભિનવગુપ્ત, આનંદવર્ધન, ભરત, ભામહ

(D) આનંદવર્ધન, ભામહ, અભિનવગુપ્ત, ભરત

**નીચે આપેલા ગદ્યખંડને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તર દર્શાવો.**

ભાષા સામાજિક નીપજ છે અને માનવ વ્યવહારનું સાધન છે એ સાચું, પણ આ ભાષામાંથી જ પોતાના વિશિષ્ટ પ્રયોજનને અનુકૂળ શક્તિ ઉપજાવવાનું કામ સર્જક્નું છે. કવિ નવા શબ્દો પ્રયોજતો નથી. પર્યાયબહુલ ભાષા એને વિઘ્નકર્તા નીવડે છે. કવિ વ્યવહારના પ્રયોજનના સાધનરૂપ ખરચાઈને પૂરા થઈ જતા શબ્દોમાંથી અખૂટ શક્યતાવાળો ધ્વન્યાર્થ નિષ્પન્ન કરે છે. આ માટે મુખ્યાર્થબાધ અનિવાર્ય શરત છે. શબ્દના રૂઠ સંકેતથી એ બને તેટલો દુર રહીને કામ કરે છે. કાવ્યમાં યોજાતો પદોનો અન્વય, છન્દોરચના, વર્ણવિન્યાસ વેગૈરેથી રચાતા વિશિષ્ટ સંદર્ભમાં શબ્દ એક નવી જ શક્તિ પ્રકટ કરે છે. આ રીતે પ્રયોજાયેલા શબ્દોને વ્યવહારમાં હોય છે તેવો, એક સુનિશ્ચિત, સંકેત હોતો નથી. સમૃધ્ધી જ્ઞાપક સંદિગ્ધતા ને ધ્વન્યાત્મકતા તો એકબીજાના પર્યાયો બની રહે છે. આથી જ તો કાવ્યના હાર્દપરત્વે કહી કોઈ એકવાક્યતાની અપેક્ષા રાખતું નથી. દલપતરામની 'કવિતા' પરત્વે એક વાક્યતા સંભવે. બ.ક.ઠા.ની કવિતા પરત્વે એકવાક્યતા સાધવી એકલું સુલભ નથી. ઉપાદાનના કાવ્યોપકારક ઉપયોગની અણઆવડતને કારણે આવતી દુર્બોધતા સાથે આ સંદિગ્ધતાને તકર્છળ કરીને ગુંચવી મારવાની નથી.

45. સર્જકનું મુખ્ય કાર્ય ક્યું?

(A) ભાષાદ્વારા સફળ સંક્રમણ કરવાનું

(B) વિશિષ્ટ હેતુને સંવાદી સામર્થ્ય પ્રગટાવાનું

(C) પોતાની રચનાને બહોળા માનવ સમાજ સુધી પહોંચાડવાનું

(D) નવા નવા શબ્દો સર્જવાનું

46. મુખ્યાર્થબાદ માટેની અનિવાર્ય શરત કઈ ?

(A) શબ્દો સુંદર અને મધુર હોવા જોઇએ

(B) કવિએ ભાષામાં અલંકરણ કરવું જોઇએ.

(C) ઉત્તમ છંદોલય હોવો જોઇએ.

(D) ઘસાઈ ગયેલા શબ્દોમાંથી વ્યંગ્યાર્થ નિષ્પન્ન થવા જોઇએ.

47. શબ્દ નવી શક્તિ કયારે પ્રગટાવે છે ?

(A) પદાનુક્રમ, છંદોલય, વર્ણબંધનો સમન્વય થાય ત્યારે

(B) રૂઢ સંકેતોનો ઉપયોગ થાય ત્યારે

(C) વાચ્યાર્થમાં ચારુતા પ્રગટે ત્યારે

(D) કાવ્યનાં ગૌણ પ્રયોગનો સિદ્ધ થાય ત્યારે

48. કાવ્યના હાર્દ પરત્વે એક વાક્યતાની અપેક્ષા રખાતી નથી કારણ કે ?

(A) એક જ કૃતિના અનેક વાચકો હોય છે.

(B) વાચકો જુદા જુદા સમયે જુદાં જુદાં અર્થઘટનો કરવાની ક્ષમતા ધરાવે છે.

(C) એકવાકયતાથી કાવ્યનું સૌંદર્ય અળપાય છે.

(D) સમૃધ્ધી સૂચક સંદિગ્ધતા કે ધ્વન્યાત્મકતાને કારણે કાવ્યનો એક ચોકકસ અર્થ સંભવતો નથી.

49. દુર્બોધતા કવિપક્ષે મર્યાદા કયારે બને?

(A) કવિ જ્યારે ખૂબ જ અપરિચિત શબ્દો પ્રયોજે ત્યારે-

(B) કવિ સાવ અપરિચિત છંદ પ્રયોજે ત્યારે-

(C) કવિ ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતો ન હોય ત્યારે

(D) કવિ અંગત અને ગુણ્ય પ્રતીકોનો વિનિયોગ કરે ત્યારે

50. દુર્બોધતા અને સંદિગ્ધતા દર વખતે એકબીજાના પર્યાય કેમ નથી હોતા ?

(A) કયારકે દુર્બોધતા નકારાત્મક હોય છે અને સંદિગ્ધતા હકારાત્મક હોય છે

(B) કવિ એક સાથે દુર્બોધતા અને સંદિગ્ધતા પ્રયોજવા માગે છે.

(C) ભાષા ઉપરનું પ્રભુત્વ ન હોય અને જે દુર્બોધતા પ્રગટે તેને આવકારદાયક ગણવામાં આવે છે.

(D) દુર્બોધતા અને સંદિગ્ધતાના સંકેતાર્થો ભિન્ન ભિન્ન હોય છે.

- o 0 o -

**Space For Rough Work**